સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ
મંજુર થયેલ જગ્યાઓને ચાલુ રાખવા
બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/પા.ફા.૩૦૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૧૨/૨૦૧૮

વંચાણે લીધા:-

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૬/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/ ૧૧૨૦૧૨/૪૯૯૪/બ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૬/૩/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/ ૧૦૨૦૧૪/૩૦૬/બ.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની તા.૬/૯/૨૦૧૮ ની સિંગલ ફાઈલથી કરેલ દરખાસ્ત.

આમુખ (૧) થી ૪ વિભાગીય નાયબ નિયામકની કચેરીઓ ખાતે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ની ૪ નવી જગ્યાઓ ૨૮/૨/૨૦૧૪ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલી હતી. આમુખ (૨) થી આ જગ્યાઓને તા.૨૮/૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી. આમુખ-૩ થી શ્રી ઉષાબેન બી. પાંડે, બાળ વિકાસ યોજના અધિકારીશ્રીના પગાર બીલ અંગે પગાર અને હિસાબ કચેરી, ગાંધીનગર દ્વારા માંગેલ પુર્તતા અન્વયે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ ખાતેની બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ ની જગ્યા પુન:જીવીત કરવા દરખાસ્ત કરેલ હતી.

ઠરાવ:-

આથી પ્રાદેશિક નાયબ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ ખાતેની બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ ની ૧ જગ્યાને તા.૧૨/૧૦/૨૦૧૮ થી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૫/૧૨/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3) નાયબ સચિવશ્રી (કરકસર), નાના વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4) વિભાગીય નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક નાયબ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ.
5) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
6) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
8) શ્રી ઉષાબેન બી. પાંડે, બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨, પ્રાદેશિક નાયબ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ.
9) નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
10) શાખા સિલેક્ટ ફાઈલ.